# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૩ • તા.૨૬ નવેમ્બર થી ૦૨ ડિસેમ્બર ૨૦૨૨




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# સાંઘવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# આદર્શ કુટુંબ વ્યવસ્થા કઈ સંયુક્ત કે વિભક્ત?

આજના મોર્ડન અને ઘડિયાળના કાંટે ભાગતી જિંદગીમાં વ્યસ્ત રહેતા કોમ્પ્યુટર જેવા માનવીઓને પોતાના માટે સમય મળતો નથી તો ઘરના મેમ્બરો માટે સમય ક્યાંથી કાઢી શકવાનો! નાના કુટુંબ મહાન કુટુંબ, આદર્શ કુટુંબ એવી પરિસ્થિતિ ચોફેર થઈ ગઈ છે. તેમાં વળી મહાનગરમાં આસમાન અડતા ફ્લેટ, ઘરોના ભાવ, મોંઘવારીનો વધતો જ તો બેલગામ ગ્રાફ વધુને વધુ ભણી પતિ પત્ની બંન્ને જોબ પર જતા હોય. વર્ક લોડના ભારથી સતત સ્ટ્રેસ અનુભવતા હોય. ઓફિસમાં તો ઠીક ઘરમાં હોય તોય કલિગના ફોન, પાર્ટીઓના કોલ, ઈમેલ, બોસની ઈસ્ટ્રક્શન લગાતાર આવતા હોય ત્યારે બંન્નેનું અંગત જીવન પણ ડહોળાઈ જાય છે. કામનો તનાવ મન-મગજ પર પડે છે અને પછી સર્જાય મહાભારત. કમાવવાની પાછળ ભાગતા બંન્ને જણ સંતાન મોડે મોડે કન્વીન્સ કરે છે. એટલું જ નહીં હવે તો એવા યુગલોના કિસ્સા સામે આવે છે. જેઓ એક બીજાને સંમતિ આપી હોય છે DINOK ની એટલે કે ડબલ ઈન્કમનો કિડસ ડબલ કમાણીને સંતાનોની પળો જણ નહી. આવી વિચારધારા પ્રચલિત હોય ત્યારે સંયુક્ત કે વિભક્ત કુટુંબની વાત ક્યાં કરવી. આવા દંપતીઓ માટે એકાકી કુટુંબ જેવો શબ્દ પ્રચલિત કરવો જોઈએ.

આપણો દેશ પહેલાંથી કૌટુંબિક ભાવના, પ્રેમને આદર્શપણે માનીને ચાલનાર પરંપરા આગળ વધારનાર રાષ્ટ્ર છે. કુટુંબ વ્યવસ્થા ગમે તેટલી બદલાય, નવી નવી વ્યાખ્યા રચાય, પણ કેટલીક જૂની બાબતો વિશ્વના લોકોને હર હમેશ કામ આવતી રહેવાની છે. હિંદી ભાષાના કવિ રાજેશ જોશી એ એક કવિતામાં લખ્યું છે કે 'નઈ નઈ મૂર્ખતાઓકે બાવજૂદ બચી રહેતી હૈ પુરાની સમજદારિયાં' સંયુક્ત કુટુંબમાં ઉછરેલા સંતાનો સમય સંજોગવશ વિભક્ત થઈને પણ કુટુંબ વ્યવસ્થા સાથે જોડાયેલા રહે છે. વડીલોની આમન્યા, તેમનો આદર ભાવ કરે છે અને અલગ રહેતા હોવા છતાં કુટુંબ વ્યવસ્થાને માન આપે છે, પોતાના કુટુંબને ચાહે છે અને દરેક સભ્યો વચ્ચે સારી ભાવના કેળવાય તેવા પ્રયત્નો કરે છે.

કૌટુંબિક વ્યવસ્થામાં આવેલ ઘરમૂળથી પરિવર્તન સ્ત્રી શિક્ષણ વધવાથી અને બીજું વિકસતા જતા શહેરોમાં વધતી જતી વસતીથી ગગન ચૂંબતા ઘરોના દર. યુવક યુવતીઓ સહશિક્ષણ મેળવે છે. જેના કારણે છોકરીઓ સ્વતંત્ર વિચાર ધરાવતી થઈ છે. પોતાને લગતા નિર્ણયો લેવા માંડી છે. જેને વડીલો માન્ય કરતા થયાં છે. કુટુંબ સંસ્થામાં અગાઉ વડીલોના નિર્ણયો માન્ય કરતાં હતા. જેમાં હવે ભણેલા પુત્રો, પુત્રીઓ, શિક્ષિત પુત્રવધૂઓ કૌટુંબિક પ્રશ્નોમાં પોતાનો મત રજૂ કરવા મુક્ત હોતા વડીલોની એક હથ્થુ સતામાં પરિવર્તન આવ્યું. જે એક મહત્વનો સુધારો પરિવારીક જીવનમાં આવ્યો છે.

અત્યારે શિક્ષણનું વધેલું પ્રમાણ, શહેરીકરણ, ઔદ્યોગિકરણ તેમજ બદલાતી જતી જીવનશૈલીના નવા સંજોગોને કારણે પરંપરાગત સંયુક્ત કુટુંબ જીવનની કેટલીક લાક્ષણિતાઓમાં સમય અને સંજોગોનુસાર ઘરમૂળથી પરિવર્તન આવેલું છે. ઘરડા ગાડા વાળે એ સંયુક્ત પરિવારની તરફેણ, પોઝિટીવ બાજુ બતાવતી કહેણી છે. જેમાં બધું સમાઈ જાય છે, કહેવાઈ જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# દંભ અને દેખાડો

સામાજિક સંસ્થાઓના કામ કરવા કે સમૂહના કાર્યો કરવા કપરાં હોય છે. એ જાણે તલવારની ધાર પર ચાલવાનું હોય છે. સફળતાના સુકાની બનવા સૌ તૈયાર હોય છે પણ નિષ્ફળતાને ઢાંકવા, એના દોષમાંથી છટકવા કોઈ બલિના બકરાને શોધીએ છીએ. સમાજમાં કાંઈ ખરાબ થઈ ગયું કે કામ પુરૂં થઈ શક્યું નહીં તો લોકો એક બીજા પર દોષનો ટોપલો ઢોળતા હોય છે પણ કોઈ એમ નહીં કહે કે આ માટે હું જવાબદાર છું કે આ નિષ્ફળતા માટે હું માધ્યમ બન્યો છું.

માણસ બીજાની નજરમાં કેવો છે તેનું બહુ મહત્વ નથી. એ તો માત્ર દેખાવ અને દંભ છે પણ માણસ પોતાની નજરમાં કેવો છે તેનું વિશેષ મહત્વ છે. આપણે માત્ર બીજાની નજરે પોતાને જોવાને ટેવાયેલા છીએ એટલે મુશ્કેલી ઊભી થાય છે. કંઈ પણ કામ કરવું હોય તો સૌ પ્રથમ એ વિચારશું કે બીજાને કે સામે મેવાળાને કેવું લાગશે. પોતાને કેવું લાગશે એનો ખ્યાલ કરાતો નથી. એટલું જ નહીં કે વસ્ત્રો અને ઘરેણાં પણ બીજાને આકર્ષિત કરે, તેને ગમે એવા જ પસંદ કરીએ છીએ. ઘરના લગ્ન કે સારા શુભ પ્રસંગો પણ સામેવાળા ચકાચૌંધ થાય એવા પસંદ કરીએ છીએ અને મોટાઈ મળે, વાહ વાહ થાય એની રાહ જોઈએ છીએ. તેઓ આપણા વખાણ કરે એ સાંભળવા ઉત્સુક રહીએ છીએ. બીજાઓ પ્રશંસાના ફૂલ વેરે એટલે આપણે ધન્ય ધન્ય થઈ જઈએ છીએ. બીજાને સારા લાગીએ એવા પ્રયત્નો કરીએ છીએ પછી ભલે અંદરનું આપણે જાણતા હોઈએ છીએ. દંભ અને ડોળને કારણે આપણે વાસ્તવિકતા સુધી પહોંચી શકતા નથી.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દર્પણ માત્ર ચહેરો અને શરીર દેખાડે છે. સ્વંયને જોવા માટેનું દર્પણ એટલે આત્મ નિરીક્ષણ. જેનો આપણે કદી ક્યારે ઉપયોગ કરતા નથી. આપણને સજ્જન કે સારા દેખાડવું છે. સામાવાળાને પ્રભાવિત કરવા છે. તેઓ અંજાઈ જાય એવા આપણા પ્રયત્નો હોય છે. બ્રાહ્મ આચરણ બીજાને માટે અને અંતરની અનુભૂતિ આપણા પોતાના અંગત માટે હોય છે. જે સ્વાભાવિક રીતે પ્રગટે છે તે આપણું પોતાનું છે અને જેના માટે મહેનત કરવી પડે છે દેખાવ કરવો પડે છે તે સામેવાળાને પ્રભાવિત કરવાને કાજે છે એ નકલી, બનાવટી મથામણ છે. સાચું અને સ્વયંભૂ છે તે સત્ય છે અને એ સનાતન પણે ટકી રહે છે જ્યારે ખોટું, નકલી, બનાવટ લાંબુ ટકતું નથી. એ સમય આવતા કકડ ભૂસ થઈ જ જાય છે.

ધર્મ કહે છે તમે જેવા છો, તેવા જ રહો. તમારે બીજાને દેખાડવા બદલાવ કરવાનો પ્રયત્ન ન કરો. બનાવટ લાંબી ટકતી નથી. દરેકની શક્તિ અલગ હોય છે, સમર્થતા અલગ પ્રકારની હોય છે. દંભ દેખાડો ક્ષણિક હોય છે. જેવા છો તેવા રહો. સમાજના કાર્યો, સેવાના કાર્યો સદ્‌ભાવથી કરો, અંતર લાગણીથી કરો સામેવાળાની ટીકા, નિંદા કે ટિપ્પણીની નોંધ પણ ન લો.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ





સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.સા.ભ.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ચાર્તુમાસ કરનાર આરાધકોને બસ દ્વારા સાંધવથી તા.૧૩ ઓક્ટોબરના બપોરના ૧ કલાકે પ્રસ્થાન, અરનાથધામના દર્શન કરી. ગુંદાલા સચ્ચાઈમાતાજીના દર્શન કરી ભદ્રેશ્વરતીર્થના દેવ દર્શન કરી. આદિપુર ચાર્તુમાસ બિરાજ પ.પૂ.સા.ભ.શ્રી કનકગુણાશ્રીજી મ.સા. દિકરી મ.સા. પ.પૂ.હિરગુણાશ્રીજી મ.સા.ને વંદન કરી. ચૌવિહારનો લાભ આપી. ગિરનાર તીર્થ તરફ પ્રયાણ.

તા.૧૪ ઓક્ટોબરના વહેલી સવારે ગિરનાર તીર્થ આગમન, ધર્મશાળા કાંતાબા ગિરનાથ તીર્થના દર્શન કરી યાત્રા કરી. સાંજના ચૌવિહાર કરી પાલીતાણા તીર્થ તરફ પ્રયાણ તા.૧૫ ઓક્ટોબર વહેલી સવારે પાલીતાણા આગમન સવારના યાત્રા સેવા પૂજા કરી. ૩.૩૦ કલાકે પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ને વંદન કરી. પ.પૂ.આર્યરત્નસાગરજી મ.સા.ને વંદન કરી મુખ્ય પ.પૂ.સા.ભ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ને વંદન કરી. પ.પૂ.સા.ભ.શ્રી યશપ્રભાશ્રીજી મ.સા.ને વંદન કરી પ.પૂ. સા.ભ.શ્રી મહોદયશ્રીજી મ.સા.ને વંદન કરી. પ.પૂ.ચંદ્રોદયશ્રીજી મ.સા.ને સાધ્વીશ્રીજી મ.સા.ને વંદન કરી. પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.ને વંદન કરી. રાત્રે સંઘપતિ પરિવારનું અનુમોદના કરવામાં આવેલ. દરેક લાભાર્થી પરિવાર તરફથી સંઘપૂજન રૂા.૨૦૦નું કરવામાં આવેલ.

તા.૧૬ ઓક્ટોબરના નવકારશી કરી અયોધ્યાપૂરમના દર્શન કરી. ૨૪૦૦ વર્ષ પ્રાચીન ચિચાણી તીર્થ શાંતિનાથ દાદાના દર્શન કરી. બપોરના સાર્ધમિક ભક્તિનો લાભ લઈ ઝાંઝુવાળા તરફ પ્રયાણ કર્યું. ચૌવિહાર બાદ વછરાજ ગામે વાછરાદાદાના દર્શન કરી, મહાઆરતીનો લાભ લઈ શંખેશ્વર તરફ પ્રયાણ દરમ્યાન કચ્છ ભુવનમાં રાત્રી રોકાણ કર્યું.

સવારના શંખેશ્વર દાદાના વાક્ષેપ પૂજા આજુબાજુમાં પૂજા દેવદર્શન કરી પ.પૂ.મ.સા.ને વંદન કરી તારંગા તીર્થ તરફ પ્રયાણ અજીતનાથ દાદાની સેવા પૂજા કરી. સાર્ધમિક ભક્તિનો લાભ આપી. અંબાજી માતાજીના દર્શન કરી કુંભારીયાજી તીર્થ, ચાર દેરાસરજીના દર્શન કરી. કચ્છથી ૪૫ જણની સંખ્યામાં પધારેલ બસ દ્વારા અંબાજીથી કચ્છ તરફ પ્રયાણ.

આ પંચતીર્થી કરાવવાનો સંપૂર્ણ લાભ આ મુજબ પરિવારો એ લીધેલ છે. રૂપિયા ૧૧,૦૦૦/-નો લાભ લીધેલ છે

# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ




(૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા – ઘાટકોપર
(૨) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ – મુલુંડ
(૩) માતુશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ – મુલુંડ
(૪) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા – મુલુંડ
(૫) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ – મુલુંડ
(૬) માતુશ્રી નિર્મળાબેન નવીનચંદ્ર લોડાયા – મુલુંડ
(૭) અ.સૌ અરુણાબેન નવીન માણેકજી લોડાયા – થાણા
(૮) અ સૌ પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા – થાણા
(૯) માતુશ્રી ઝવેરીબાઈ પદમશી ખોના – ભાંડુપ
(૧૦) સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન/ધરમશી કોઠારા – મુલુંડ
(૧૧) માતુશ્રી લીલાબેન નરેન્દ્ર મૈશેરી જખૌ – ડોમ્બિવલી
(૧૨) માતુશ્રી મણિબાઇ કુંવરજી મોતા – ડોમ્બિવલી
(૧૩) વીરચંદભાઈ મેંઘજી ખોના – ડોમ્બિવલી
(૧૪) માતુશ્રી મણિબાઇ પદમશી ધરમશી નાની સિંઘોડી – ડોમ્બિવલી
(૧૫) માતુશ્રી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા –મુલુંડ

સાંધવમાં ચાતુર્માસ કરી રહેલા આરાધકોને સાંધવથી કોઠારા, નલિયા, તેરા, સુથરી, જખૌ, સાંધાણ, ડુમરા, બાંભડાઈ, સાભરાઈ, બાડા, માંડવી, શીવમસ્તું, બંઉતેરજીનાલય, કાંડાગરા, વિંઝાણ, રાયઘણજર, ચિયાસર, ખારૂચા, કોટડા રોહા, ગઢશીસા, શેરડી, રાયણ, મેરાવા, ભુજ, પંચતીર્થી કરવાનો સંપૂર્ણ લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર–મુલુંડ અને માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવાર મુલુંડ લાભ લીધેલ. સાંધવથી મોથાળા, પુનડી નમ્રમુનિ મહારાજ

# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ







સાહેબને વંદન કરવા રામાણીયા, બીદડા, ડોણ, ગોધરા, અંબેધામ, દેરાસરજી, લાયજા, દેઢિયાતીર્થ. પંચતીર્થી કરવાનો સંપૂર્ણ લાભ એક સદગૃહસ્થ પરિવારએ લીધેલ. ૪૦ જણની સંખ્યામાં મીની બસ, એક તુફાન દ્વારા પંચતીર્થી કરવાનો લાભ લીધેલ. સર્વે તીર્થમાં રૂા.૧૦નું સંઘપૂજન અને અનુમોદના કરવામાં આવેલ.

અનાધાર માંડવી આશ્રમ વાળાને જેમનું કોઈપણ નથી એમનું ભગવાન છે. દર વર્ષે માંડવી આશ્રમવાળાને યાત્રા કરાવે છે. આ વર્ષ માંડવીથી લક્ઝરી દ્વારા દેઢિયા તીર્થ તરફ પ્રયાણ દેઢિયા તીર્થમાં નવકારશીનો લાભ આપી સાંધાણ તીર્થના દર્શન કરી સુથરી તીર્થના દર્શન કરી, કોઠારા તીર્થના દર્શન કરી સાંધવ આગમન બપોરના સાર્ધમિક ભક્તિનો લાભ આપેલ. સુથરી તીર્થમાં રૂા.૨૦નું સંઘપૂજન કોઠારા તીર્થમાં રૂા.૧૦નું સંઘપૂજન, સાંધાણમાં ચા-પાણીનો લાભ આપેલ. સાંધવમાં રૂા.૧૧૦નું સંઘપૂજન થયેલ. ઝવેરબાઈ પદમશી ખોના રૂા.૫૦ની પ્રભાવના રૂા.૧૦ની પ્રભાવના. ૧) દમયંતીબેન ચાંપશી લોડાયા ૨) રસીલાબેન માણેકજી લોડાયા ૩) માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ ૪) ધનબાઈ રતીલાલ નાગડા ૫) પ્રેમાબેન રતનશી ધરમશી ૬) કલ્પનાબેન શામજી દંડ યાત્રાના દાતા પરિવાર તરફથી ૭૦ ગ્રામના લાકડી ગાંઠિયા, સેવ, ભાવનગરી ગાંઠિયા, ચોકલેટ, પીપરમેન્ટની પ્રભાવના કરાવવામાં આવેલ.

પ.પૂ.સા.ભ.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. વ્યાખ્યાન આપેલ બધા અનાથ આશ્રમના ભાવિકો રડીને છુટા પડ્યા હતા. જખૌ તીર્થમાં ચા-પાણીનો લાભ અમીતાબેન તિલક મોમાયા, તેરા તીર્થના દર્શન કરી શિવમસ્તુના દર્શન કરી. માંડવી આશ્રમ પહોંચેલ પંચતીર્થી કરવાનો સંપૂર્ણ લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ મુલુંડ અને માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા મુલુંડ લીધેલ. દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

આસો માસની નવપદ શાશ્વત આયંબિલ ઓળીના તપસ્વી ૪૦ જણ તપસ્વીઓ આયંબિલ તપ કરેલ. દરેક નવપદ આયંબિલ ઓળીના તપસ્વીને દરેક ભાગ્યશાળી તરફથી રૂા.૧૧૦૦/-ની પ્રભાવના કરવામાં આવેલ. છૂટક આયંબિલ તપવાળાને રૂા.૧૦ની પ્રભાવના કરાવવામાં આવેલ. પોષધ તપના તપસ્વીઓને રોજના રૂા.૫૦ની પ્રભાવના કરાવવામાં

# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ







આવેલ. નવપદ ઓળીના ભાગ્યશાળી પરિવાર અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા ઘાટકોપર પરિવારે લાભ લીધેલ. ઓળી દરમિયાન દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી ભક્તામર લક્કી ડ્રો રોજના રૂા.૨૫/૩૦ પ્રભાવના રોજ રૂા.૫૦/૭૦ રાત્રે ભક્તિભાવના પ્રભુજીની અંગરચનાના ભાગ્યશાળી પરિવારો લાભ લીધેલ. તા.૭ ઓક્ટોબરના સિધ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવેલ. અ.સૌ.અરૂણાબેન નવીનભાઈ માણેકજી લોડાયા હસ્તે મીત દેવેન અને નીયાંશ અજીત નવીનભાઈ લોડાયા થાણા-અમેરીકા તરફથી.



કારતક સુદ ૧૩,૧૪,૧૫ ત્રણ દિવસનો મહોત્સવ રાખવામાં આવેલ. ચાર્તુમાસ પુર્ણાહૂતિ નિમિત્તે એમનો લાભ ચાર્તુમાસ દાતા પરિવારે લીધેલ.

કારતક સુદ ૧૩ના પંચકલ્યાણક પૂજા બપોરના મહાકાલીજીની ભાવના ભવ્ય અંગ રચના, કારતક સુદ ૧૪ના ભક્તામર મહા પૂજન રાખવામાં આવેલ. વિધિકાર કેવલ સાવલા, પ્રવિણભાઈ ગડા, બપોરના વ્યાખ્યાન કારતક સુદ ૧૫ના શેત્રુંજ્ય મહાતીર્થના ૧૦૮ ખમાસણા રાખવામાં આવેલ. ત્યારબાદ ચાર્તુમાસના આરાધકોની અનુમોદના કરવામાં આવેલ.

ચાર્તુમાસ દાતા પરિવાર તરફથી ટ્રાવેલીંગ ટ્રોલી બેગ, તલ ચીક્કી પા કિલો આવા જવાની ટીકીટ દરેક આરાધકોને આપવામાં આવેલ.

સાંધવ સંઘ તરફથી આરાધકો ભાઈઓને પેંટશર્ટ બહેનોને સાડી રૂા.૨૦૦નું કવર આપવામાં આવેલ.

ચાર્તુમાસ દરમિયાન ચાર મહિના સુધી આરાધક ભાઈ-બહેનોએ સવારના રાઈ પ્રતિક્રમણ પ્રભુજીની પક્ષાલ-પૂજા, સ્નાત્રપૂજા, વ્યાખ્યાન વાણીનો લાભ, બપોરના જાપ, સામાયિક સાંજે પ્રતિક્રમણ, પ્રભુજીની ભક્તિ ભાવના. આખો દિવસ ભક્તિમાં તરબોળ થઈ ગયા હતા. રોજની એક જણને ૫૦/૬૦ પ્રભાવના દરેક આરાધકને.

દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી ચાર મહિના સુધી ભક્તમારના ત્રણ લક્કી ડ્રોના ભાગ્યશાળી પરિવારો. ૧) અ.સૌ.

# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ





પ્રીતિબેન પ્રકાશ લોડાયા-થાણા ૨) માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા-વારાપધર-વાપી. વ્યાખ્યાન પ્રભાવના રૂા.૧૦ શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા-થાણા, જાપ પ્રભાવના રૂા.૧૦ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ, પ્રતિક્રમણ પ્રભાવના રૂા.૧૦ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા. ઉપવાસ માતુશ્રી સુશીલાબેન બકીમચંદ્ર મૈશેરી સાંયરા-થાણા તરફથી આયંબીલ/ઉપવાસ પ્રભાવના રૂા.૫૦ એકાસણા રૂા.૧૦ પ્રભાવના કરવામાં આવેલ. ત્રણ મહિના ભક્તામર લક્કી ડ્રો : માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવારે મુલુંડ. દોઢ મહિના ભક્તામર ત્રણ લક્કી ડ્રો : જોસનાબેન દામજી નરશી દંડ હા. તનય નિલેશ દંડ ૨) ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંઘોડી-વાપી, વ્યાખ્યાન પ્રભાવના રૂા.૧૦ શેઠ શ્રી શામજી નરશી દંડ, બે મહિનાથી રાઈ પ્રતિક્રમણ પ્રભાવના સાંઘવ જૈન સંઘ તરફથી રૂા.૨૦૦ એક જણને કરવામાં આવેલ. દરેક દાતાશ્રીઓ જે પ્રભાવનામાં લાભ લીધેલ. તે પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.

ચાર મહિનામાં જન્મદિવસ નિમિત્તે, લગ્ન દિવસ નિમિત્તે, પુણ્યતિથિ નિમિત્તે સ્નાત્રપૂજા, પ્રભાવના, વ્યાખ્યાન પ્રભાવના, તપસ્યા પ્રભાવના, જીવદયા, જાપ પ્રભાવના, ભાવના પ્રભાવના, પ્રતિક્રમણ પ્રભાવના જે પરિવારો લાભ લીધેલ તેમની ખૂબ ખૂબ અનુમોદના.



# સાંધવનગરે ચાતુર્માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય ધર્મઆરાધનાઓ થઈ





આખા કચ્છમાં ચૈત્યપરિપાટી કરાવી. તેમજ પાલીતાણા, ગિરનાર, શંખેશ્વર સર્વેની યાત્રા કરાવી. આવા સર્વે દાતા પરિવારની ખૂબ અનુમોદના. ચાર મહિના સુધી ગામવાસીઓ આરાધકો ભાઈ બહેનોને ત્રણ ટાઈમ સાર્ધમિક ભક્તિનો લાભ પુણ્યશાળી પરિવારે લીધેલ.

અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોંખડવાળા) ઘાટકોપર ચાર્તુમાસ કરાવનાર પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના. ચાર મહિના સુધી સાંધવ નગરે તપ-જપની આરાધના થયેલ. ઉપવાસ ૮૫૫ આયંબિલ તપ ૧૧૫૭ એકાસણા ૧૧૦૫ નેવીતપ ૧૧૭, પોષધ ૧૪૬ થયેલ.

પર્યુષણથી દર્શનાર્થે પ.પૂ.સાધ્વીશ્રી મ.સા.ને ગુરૂવંદન કરવા યાત્રિકો (સંઘો) કારતક વદ ૨ સુધી ૧૭૮૫ જણા પધારેલ.

ચાર્તુમાસને ચાર ચાર મહિના સુધી ઉપાશ્રય, દેરાસરજી, ભોજનશાળામાં દિવસ રાત મહેનત કરી ચાર ચાંદ લગાવેલ એવા પૂજારીભાઈ પંકજ ડાઘાની ખૂબ ખૂબ અનુમોદના. રઘુભા જાડેજા, નીતિન ધરમશી, ખીમજીભાઈ લોડાયા, રસીલાબેન ખોના, ગુણવંતીબેન મોતા, જ્યોત્સનાબેન દંડ, લતાબેન મોમાયા, ધનબાઈ નાગડા, પ્રેમીલાબેન ધરમશી, કાંતીબેન લોડાયા, કલ્પનાબેન લોડાયા, મુક્તાબેન દંડ, મીનાબેન ખોના, ખુશાલ પટેલ, પ્રદીપ ખોના. ચાર મહિનામાં ૧૦-૧૫ દિવસે મુંબઈથી આવીને સેવા આપનાર રાજેશ દંડ, નવીનભાઈ લોડાયા, પ્રકાશ લોડાયા, મણીલાલભાઈ ખોના, વિજયાબેન પટેલ, ચેતના મોતા, નયના ખોનાની ખૂબ ખૂબ અનુમોદના. પ્રમુખશ્રી શામજીભાઈ નરશી દંડની ખૂબ ખૂબ અનુમોદના. મુંબઈ બેઠા હોય પણ દરરોજ સાંધવની ચિંતા કરનાર પ્રમુખશ્રીને ખૂબ ખૂબ અનુમોદના. નામી-અનામી કોઈપણ બાકી રહી ગયેલ હોય તેમનું અનુમોદના. સાંધવ નગરે રસોડા વ્યવસ્થા/અતિથિગૃહની વ્યવસ્થા છે જરૂરથી પધારજો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# નલિયા તીર્થે શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૯મો ધ્વજા મહોત્સવ સંપન્ન થયો







કચ્છના અબડાસા પંથકના મુખ્ય નગર નલિયા તીર્થે શ્રી શાંતિનાથ જિનાલયનો ૧૬૯મો ધ્વજારોહણ મહોત્સવ તા.૨૫ નવેમ્બર શુક્રવારના રોજ પ.પૂ.પ્રવર્તક શ્રીમલયસાગરજી મ.સા. આદિઠાણા ૨ની નિશ્રામાં શ્રી શાંતિનાથ જિનાલયના ધ્વજારોહણ સાથે શ્રી કુંથુનાથજી તથા શ્રી પુંડરિક સ્વામીની  દેવકુલિકાનો ધ્વજારોહણ રંગેચંગે સંપન્ન થયો.



# પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. શાંતાપૂર્વક વિહાર કરી પાલીતાણા તીર્થે ૩૦ નવેમ્બરના પધારશે

સિલ્ક સિટી અને હીરા રત્ન નગરીનો ઓળખ પામેલ સૂરતમાં યશસ્વી આરાધનામય ચાતુર્માસ સંપન્ન કરાવી ગુરૂ ગુણ કૃપા પાત્ર, કચ્છ કોહિનૂર શ્રી ગૌતમ ગુણ વિહાર, પાલી જૈન તીર્થ પ્રેરક  પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિના વિહાર પાલીતાણા માટે શાતાપૂર્વક ચાલી રહ્યો છે.

પૂજ્ય ગુરૂદેવ તા.૨૫ની સવારે શુક્રવાર રોજ કોટડા વિહારધામ સાંજે સનેજા, શનિવાર તા.૨૬ નવેમ્બરના સવારે કામલેજ, સાંજે ધર્મધુરંધર ધામથી થોડીક. પહેલા, તા.૨૭ અને ૨૮ રવિવાર સોમવાર સિહોર થઈને સોનગઢ બોર્ડીંગ, તા.૨૯ નવેમ્બર મંગળવાર કીર્તિધામ, રાજેન્દ્રધામ, ઢાઈટ્રીપ (આ વિહાર સ્થાન અનુકૂળતા મુજબ નિશ્ચિત કરાશે) તા.૩૦ નવેમ્બર બુધવારે સિધ્ધાચલ મહાતીર્થેની પાવન ભૂમિની સ્પર્શના સાથે સાહિત્ય સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ની પરમ નિશ્રા પ્રાપ્ત થશે.

પૂજ્ય ગુરૂદેવ સંઘમાતા ખેતબાઈ કેશવજી વેલજી ગડા નાના રતડિયા પરિવાર આયોજિત સિધ્ધાચલ તીર્થ જાહોજલાલી ૯૯ યાત્રા કાર્યક્રમમાં સામેલ થશે.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા બાળકો દ્વારા બનાવેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન વેંચાણનું આયોજન




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા તા.૧૪ જાન્યુઆરી ૨૦૨૩ શનિવારના વિકાસ પેલેસ હોલ, નેતાજી સુભાષ રોડ, મુલુંડ વેસ્ટ મધે સવારે ૧૦ થી ૭ દરમ્યાન બાળકો દ્વારા બનાવેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેંચાણનું આયોજન KIDSHIBITION 2 અંતર્ગત કરાયું છે. જેમાં ૫ વ.થી ૧૫ વર્ષની ઉંમર સુધીના બાળકો આમાં સ્ટોલ રાખી શકશે. વધુ વિગત અને સ્ટોલ બુકીંગ માટે સંપર્ક રાની નાગડા-૯૩૨૪૫૪૪૫૨૪ અને રીના લોડાયા-૯૮૨૦૬૫૭૭૬૪.

# મોટી પંચતીર્થી પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થના શ્રી શાંતિનાથ ભગવાનના નવટૂંક જિનાલયનો ૧૬૯મો ધ્વજા મહોત્સવ ધર્મ ભાવ સહ સંપન્ન





તા.૨૩ નવેમ્બર બુધવાર અને તા.૨૪ નવેમ્બર ગુરૂવારના કચ્છ અબડાસા પંથકની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર સમા શ્રી સાંધાણ તીર્થના શ્રી શાંતિનાથ ભગવાનના નવટૂંક જિનાલયના ૧૬૯મા ધ્વજા મહોત્સવનો દ્વિદિવસીય કાર્યક્રમ પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર નરેન્દ્ર નંદુના સંગાથે અદ્‌ભૂત આનંદ ઉત્સાહ અને ધર્મભાવ સાથે સંપન્ન થયો.




Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

# શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવક પરિષદ દ્વારા ૭ દિવસીય નિવાસીય વર્કશોપનું આયોજન





શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવક પરિષદ દ્વારા તા.૨૫ ડિસેમ્બરથી તા.૧ જાન્યુ. સુધીની ૭ દિવસીય રવિવારથી નિઃશુલ્ક નિવાસીય વર્કશોપનું આયોજન આસનગાંવ રેલ્વે સ્ટેશનથી ૨૨ કિ.મી. દૂર હિલ સ્પોટ રીસોર્ટમાં ૧૫ થી ૪૫ વર્ષ સુધીના યુવક યુવતી માટે કરાયું છે. પરમ પાવન નિશ્રા પ્રદાન ધ્યાયોગી સાધના સમ્રાટ ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને અર્હમધ્યાન સાધક યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. દરરોજ ફેન્ટાસ્ટીક બ્રન્ચ અને ચોવિહારની વ્યવસ્થા, માત્ર ૧૦૦ જણ માટે જ રજિસ્ટ્રેશન કરવાનું હોવાથી વહેલી તકે મનોજ-૯૮૩૩૦૩૯૯૮૦, ભાવેશ-૯૯૮૭૪૦૭૫૨૭ પાસે નામ નોંધાવી લેવા.

રોજિંદી પ્રવૃત્તિઓ • પોઝિટીવ મંત્રોચ્ચારણ • પ્રભાવી મેડિટેશન • મહાવીર વાણી પ્રવચન • યોગ ધ્યાન • સવાલ જવાબ શ્રેણી સેશન • અનુપ્રેક્ષા તત્વ ચિંતન • વાસ્તવિક જીવન ઉદ્દેશને લગતી જાણકારી • માનસિક ક્ષમતા વધારવાના ઉપાયો. પ્રાકૃતિક માહોલ, કુદરતના સાંનિધ્યમાં અને વૈભવી સગવડોમાં જીવનપયોગી વર્કશોપ એટેન્ડ કરવાનો સુવર્ણ ચાન્સ ગુમાવવો પરવડશે નહીં. તક ઝડપી લો.

## શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ આંગણે પૂજ્ય ગણિવર્યની પધરામણી

શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘના આંગણે શ્રી સંઘના હિતચિંતક સાધના સમ્રાટ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.અને અર્હમ ધ્યાન સાધક યુવામુનિ, પ્રખર પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન પધરામણી થઈ. પૂ.સાહેબની પરમ નિશ્રામાં મહામાંગલિક અને અર્હમ પિઠિકા સ્થાપના કરી ધર્મ આરાધનાઓ થઈ.





દેવની લાલી જેવા નૈસર્ગિક વાતાવરણમાં,
દેરાસર તથા ભોજનશાળાની બાજુમાં,
બે/ત્રણ બેડરૂમના ફ્લેટો ટાવરમાં
સંપૂર્ણ મોડર્ન એમીનીટી સાથે
ગુજરાતી જૈન પ્રતિષ્ઠિત બિલ્ડર

બુકિંગ માટે -પરેશ રાયચંદ ધરમશી
(મહારેરા રજીસ્ટર બ્રોકર)
99 30 80 39 59 / 99 30 10 60 54

નોંધઃ જૈન પરિવારો માટે
0% બ્રોકરેજ (No Brokerage)

# શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીનો કાર્યક્રમ

શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી તા.૨૫ ડિસેમ્બર રવિવારના યોજાશે.

ઉમેદવારી ફોર્મ તા.૨૩ નવેમ્બર બુધવારથી તા.૨૯ નવેમ્બર મંગળવાર દરમ્યાન સવારે ૧૧ થી બપોરે ૩ દરમ્યાન ચૂંટણી અધિકારી અરૂણ ચૌગુલે-૮૨૭૫૪૪૯૮૦૯. સહાયક રજિસ્ટ્રર કાર્યાલય કો.ઓપ.સોસાયટી વોર્ડ નં.૫, એલ નં.૨૦૨, કોંકણ ભવન, સીબીડી બેલાપુર, નવી મુંબઈ પાસેથી ઉપલબ્ધ થશે.

ભરેલા ફોર્મ તા.૨૯ નવેમ્બર સાંજે ૪ કલાક સુધી તે જ સ્થળે જમા કરાવવાના રહેશે. એડમિનની વિશેષ નોંધ એજ્યુકેટેડ યુવાન અને જ્ઞાની કેડીઓ અવશ્ય સામેલ થઈ જ્ઞાતિની એકમાત્ર ફાઈનાન્સિયલ ક્ષેત્રે સધ્ધર અને ઉજળો અને પ્રગતિ ભર્યો ટ્રેક રોડ ધરાવતી બેંકની ચૂંટણીમાં સામેલ થવું જોઈએ.

---

# સાંધાણ તીર્થના શ્રી શાંતિનાથ ભગવાનના નવ ટૂંક જિનાલયનો ૧૬૯મો ધ્વજા મહોત્સવના પ્રથમ દિવસે વિવિધ કાર્યક્રમો થયા





તા.૨૩ નવેમ્બર બુધવારના દિને કચ્છ અબડાસા પંથકની મોટી પંચતીર્થીના પ્રવેશ દ્વાર શ્રી સાંધાણ તીર્થના શ્રી શાંતિનાથ ભગવાનના નવટુંક જિનાલયની ૧૬૯મી ધ્વજા મહોત્સવના દ્વિદિવસીય કાર્યક્રમનો પ્રારંભ થયો.

પ્રથમ દિવસે તા.૨૩ નવેમ્બર બુધવારના માગસર સુદ એકમના સવારના ૯ કલાકે શ્રી સાંધાણ તીર્થે મહોત્સવ માટે પધારનાર સંઘના વાજતે ગાજતે સામૈયા સાથે ગામમાં પ્રવેશ થયો. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ભાવપૂર્વક પૂજ્ય સાહેબને આવકાર્યા હતા. બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી નવટૂંક જિનાલયમાં બિરાજમાન પ્રભુજીની પ્રતિમાઓ, દેવીઓની મૂર્તિઓ, ગુરૂદેવોની મૂર્તિઓનું વિધિકાર નરેન્દ્રભાઈ નંદુ અને મંડળી દ્વારા અઢાર અભિષેક પૂજન સાથે ધર્મ આરાધનાઓ થઈ. સાંજના ૭.૩૦ કલાકે આંગી રચનાથી શણગારવામાં આવેલ પ્રભુજીના પ્રતિમાઓનું ૧૦૮ દિવડાથી મહાઆરતી કરાઈ અને પછી શ્રી અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના સાથે ગરબા અને દાંડિયાની રાસ રમઝટની તાલે ભાવિક ભાઈ બહેનો ઝૂમી રંગત જમાવી હતી.

શ્રી શાંતિનાથ પ્રભુજીની સુશોભિત આંગી અને નવટુંક જિનાલયનો સમગ્ર પરિસર ઈલેક્ટ્રિક બલ્બ અને વિવિધ રંગની લળીઓથી સોહામણું અને ઝગમગતું હતું.

# શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ આયોજિત અચલ શાશ્વત સંઘોત્સવ છ'રિ પાલિત સંઘ યાત્રાની કંકોત્રીના કંકુ છાંટણા કરાયા

તા.૧૮ નવેમ્બર શુક્રવારના શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ આયોજિત અચલ શાશ્વત સંઘોત્સવ શ્રી શંત્રુજ્ય સિધ્ધાચલ ગિરીરાજથી શ્રી રેવતગિરી ગિરનાર તીર્થની છ'રિ પાલિત સંઘ જાત્રાની કંકોત્રીના કંકુ છાંટણા અને વિમોચન અદ્ભૂત ઉત્સાહ ભાવ સાથે થયા. આ ભાવ કાર્ય ક્રમનો ૪.૫૦ મિનીટનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/oB9iJb61Qw0 ઉપર ક્લિક કરી ઘર બેઠા જોઈ માણી શકાશે.

---

# શ્રી વડાલા સંઘની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા પૂજ્ય સાહેબનું માર્મિક પ્રવચન ઘર બેઠા સાંભળવા, માણવા માટેની અલભ્ય તક

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ મહોત્સવની ઉજવણી પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ યોજાયો. તા.૨૬ નવેમ્બર શનિવારના પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ સંઘનું સ્વરૂપ, મહતા તથા જવાબદારીઓ વિષે માર્મિક અને મનનીય પ્રવચન આપ્યું.

૩૩.૩૩ મિનિટનો આ પ્રવચનનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/dz7dF7jDXQE ઉપર ક્લિક કરી સાંભળી માણી શકાશે. પૂજ્ય સાહેબના સરલ અને સમજણ ભરી શૈલીમાં પ્રવચન સાંભળવું સૌ માટે એક અનોખો લહાવો બની રહેશે. અચૂક સાંભળવા લાયક પ્રવચન.

---

# શ્રી શત્રુંજય મહાતીર્થે જાહોજલાલી ૯૯ યાત્રામાં યાત્રિકોના પ્રવેશ થયો

તા.૨૧ નવેમ્બર સોમવારના શાશ્વત તીર્થ શ્રી શત્રુંજ્ય મહાતીર્થ મહોજલાલી યાત્રા માટે ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ચર્તુવિધ સંઘનો પન્નારૂપા ધર્મશાળા પાલિતાણા મધે મંગલ પ્રવેશ થયો. પ્રથમ યાત્રા ૨૨ નવેમ્બર મંગળવારના અને ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ શુક્રવારના ૯૯ યાત્રા સમાપન થશે. ૧૨ ગાઉ છ'રી પાલિત સંઘ પ્રયાણ ૨૪ ડિસેમ્બર, સંઘમાળ અર્પણ તા.૨૪ ડિસેમ્બર. પાવનકારી નિશ્રા પ્રદાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ શ્રમણ શ્રમણીવૃંદ. આયોજક લાભાર્થી સંઘમાતા ખેતબાઈ કેશવજી વેલજી ગડા નાના રતડિયા. આ મંગલ પ્રવેશ કાર્યક્રમનો ૬.૧૭ મિનીટનો યુટ્યૂબ વિડીયો https://youtu.be/WZZlwNYUwT0 પર ક્લિક કરી ઘર બેઠા માણી શકાશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



લાલજી મોતા
તા.૨૧ નવેમ્બર (ઉ.૭૬)
રાપરગઢવારી-ગાંધીધામ



પુષ્પા દંડ
તા. ૨૨ નવેમ્બર (ઉ.૮૩)
પરજાઉ-મુલુંડ



હિરાવંતી મોમાયા
તા. ૨૪ નવેમ્બર (ઉ.૭૧)
વરાડીયા-મુંબઈ



નિરાલી ખોના
તા.૨૪ નવેમ્બર (ઉ.૨૮)
સમાબારઈ-વર્ધમાનનગર



ચંદન ધરમશી
તા.૨૫ નવેમ્બર (ઉ.૭૮)
સુથરી-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં કચ્છ ભાનુશાલી દેશ મહાજન ટ્રસ્ટ, કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ, અમદાવાદ અને મુંબઈના મુખ્ય આયોજન હેઠળ મહારક્તદાન શિબિર યોજાઈ. જેમાં ૭૦ મહિલાઓ સહિત ૩૪૦ વ્યક્તિઓ રક્તદાન કરતા ૧.૧૯ લાખ સી.સી.રક્ત એકઠું થયું હતું. બ્લડ અમદાવાદ સિવિલ હોસ્પિટલને મોકલી આપ્યું હતું. રક્તદાન માટે લાઈનો લાગી હતી. નિરોણાથી સમાજના ૪૦ લોકોએ બસથી નલિયા આવી રક્તદાન કર્યું હતું. જખૌના ૫૩, નલિયાના ૫૫ લોકો સહિત મહિલાઓ એ પણ રક્તદાન કર્યું હતું.

● વિશ્વના મહાન જાદુગર કે લાલની ૧૦મી પુણ્યતિથિએ ગુજરાત યૂથ મેજેશિયન તરફથી દીવમાં બે દિવસીય ગ્રેટ કે લાલ મેજિક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના ૩૫૦થી વધારે જાદુગર સામેલ થયા હતા. જેમાં વિદેશી જાદુગર પણ સામેલ થયા હતા. આ જાદુ ફેસ્ટિવલમાં સિનિયર જાદુ સ્પર્ધામાં ભુજના યુવા જાદુગર પ્રિન્સ વિવેક પ્રથમ આવ્યા હતા. તેમને ટ્રોફી, રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. આગામી ડિસેમ્બરમાં થાઈલેન્ડમાં યોજાનારા મેજિક ફેસ્ટિવલમાં આવવાનું આમંત્રણ ત્યાંના જાદુગર મમાડા દ્વારા આપવામાં આવ્યું હતું.

● ભારતમાં દરરોજ કરોડો લોકો ભૂખ્યા પેટે સૂઈ જાય છે. ત્યારે માનવજ્યોત સંસ્થા ભુજ તથા રામદેવ સેવાશ્રમ પાલારા દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી શહેરની વિવિધ સમાજવાડીઓ રસોઈ વધયાની જાણ માનવજ્યોત સંસ્થાને કરે છે. ત્યારે સંસ્થાનું વાહન વાસણો લઈ સમાજવાડીમાં પહોંચી જાય છે અને ગરીબોને વહેંચી દે છે. દરરોજ રોટલી ચટણીનું ભોજન જમતા ગરીબોને ઘરે વિવિધ વાનગી પહોંચતા આ લોકો ખુશાલ બની જાય છે. માનવ જ્યોતની ટીમ ગરીબોને ઝૂંપડે પહોંચી સૌને સાથે બેસાડી ભોજન જમાડે છે. ભુજના જુદા જુદા ૨૧ વિસ્તારોમાં ઝૂંપડાઓમાં રહેતા ગરીબો સુધી વધેલી રસોઈ પહોંચે છે. એક વર્ષમાં સંસ્થાએ વધી પડેલી રસોઈમાંથી અઢી લાખ લોકોને ભરપેટ જમાડ્યા છે. આવેલ રસોઈની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિથી અમુક વિસ્તારોમાં દારૂ પ્રવૃત્તિ, પત્નીઓને રંજાડવાનું અને જુગાર રમવા જેવી ખોટી પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ છે. આ પરિવારોના બાળકો શિક્ષણ તરફ વળ્યાં છે.

● છેલ્લાં ૧૫ વર્ષથી દર રવિવારના સવારે કચ્છી લેવા પટેલ સમાજના મધ્યસ્થ હોલમાં શાસ્ત્રોક્ત ધ્વનિ, મંત્રોચ્ચાર સાથે હવન હોમ વિધિવત રીતે આહુતિઓ આપી કરાય છે. છાત્રો ખુદ જાતે હોમ હવન કરે છે તે પણ શાસ્ત્રોક્ત રીતે આર.ડી.વરસાણી વિદ્યાલય ભુજમાં ૯૦૦ છાત્રો છાત્રાલયમાં રહે છે. શાળા છૂટ્યા પછી એક પ્રેરક સમયપત્રનું આચરણ દરેક છાત્રો કરે છે. છાત્રોના જન્મદિન વૈદિક યજ્ઞ કરીને ઉજવાય છે. જેનું આયોજન સંગીતના મધુર વાતાવરણમાં આયોજન થાય છે. સપ્તાહમાં જેના જેના જન્મદિન હોય તે જોડાય છે અને બાકીના છાત્રો સભાના રૂપમાં શુભેચ્છક બને છે. સામૂહિક મંત્રોચ્ચાર ૯૦૦ જેટલા છાત્રો એક સાથે કરે ત્યારે એક અલગ જ આધ્યાત્મિક વાતાવરણ ખડું થાય છે. સંસ્થા પ્રતિ વર્ષ માતા પિતા વંદના પર્વ યોજે છે. જે સંસ્કૃતિ સાથે નવી પેઢીને જોડી રાખે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

**ROI 9.5% p.a. will be borne by the trust.**

**Processing Fee of 1% on the loan amount will be borne by the trust.**

**The borrower will only have to pay the monthly EMI timely**

In Association with

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)